## કેવી રીતે જોડાવું? ( How to join)

પુસ્તકાલયનું ( લાઈબ્રેરી ) સભ્યપદ મફત છે અને તમે ગમે તે ઉંમરે જોડાઈ શકો છો. સંપુર્ણ સભ્ય બનવા માટે તમારે તમારા હાલના સરનામા અને હસ્તાક્ષરનો પુરાવો બતાવવો પડશે જેમ કે ડ્રાઈવીંગ લાયસન્સ, એલાઉન્સ બુક અથવા બેન્ક સ્ટેટમેન્ટ અને તે સાથે રજીસ્ટ્રેશન ફોર્મ પણ ભરવું પડશે. તત્કાલિન સભ્યપદ માટે અમને ફકત એક ઓળખ પુરાવાની જરૂર હોય છે. જો તમે ૧૬ વરસથી નાની ઉમરના હોવ તો તમારા માતાપિતા અથવા વાલીએ રજીસ્ટ્રેશન ફોર્મમાં સહી કરવી પડશે અને તેમણે તેમની ઓળખનો પુરાવો બતાવવો પડશે.

પુસ્તકો અને મેગેઝીન મફત ઉધાર લઈ શકાય છે પરંતુ બીજી વસ્તુઓ માટે દર (ચાર્જ) લાગુ પડી શકે. વધુ માહિતી માટે મહેરબાની કરી તમારા પુસ્તકાલયનો સંપર્ક સાધો.

## બહુસાંસ્કૃતિક સેવાઓ (Multicultural Services)

અમારા હાઈ વિકમ્બ ખાતેના પુસ્તકાલયમાં એક ખાસ લાઈબ્રેરીઅનની નિયુકિત કરેલ છે.

અમારો સામાજિક ભાષાઓ (ઉર્દૂ, પંજાબી, ગુજરાતી, હિન્દી)ના પુસ્તકોનો મુખ્ય સંગ્રહ હાઈ વિકમ્બ, એયલ્સબરી અને ચેશામ ખાતે છે. સાથે સાથે મેગેઝીન, ડીવીડી અને વીડીઓનો વિશાળ સંગ્રહ પણ છે.

એશિયન અને આફ્રો–કેરીબીઅન લેખકોના પુસ્તકોનો સંગ્રહ છે.

અમુક લાઈબ્રેરી ખાતે યુરોપિયન ભાષાઓની નવલકથાઓ ઉપલબ્ધ છે.

હાઈ વિકમ્બ પુસ્તકાલય ખાતે ચાઈનીઝ ભાષાનો નાનો સંગ્રહ છે.

## લોકોનું નેટવર્ક (People’s Network)

બધાજ પુસ્તકાલય ખાતે સાર્વજનિક કમ્પ્યુટર ઉપલબ્ધ છે. એના ઉપયોગ માટે સામાન્ય દર (ચાર્જ) રાખેલ છે પરન્તુ કેટલાક દર રાહત (કન્સેશન) છે. વધુ માહિતી માટે સ્થાનિક પુસ્તકાલયનો સંપર્ક સાધો.

## વિકલાંગતા ડિસેબીલીટી વાળી વ્યકિતઓ (People with Disabilities)

કેટલાક પુસ્તકાલયોમાં ખાસ કમ્પ્યુટરની વ્યવસ્થા છે કે જે મોટી છાપ અથવા સ્વર સંભળાય તેવી સુવિધા પુરી પાડી શકે છે કે જેનાથી ઓછી દ્રષ્ટિ વાળી વ્યકિતઓ આઈ ટી ( IT ) નો ઉપયોગ કરી શકે.

એમરશામ પુસ્તકાલય ખાતે ધ હીયરીંગ ઈમ્પેરમેન્ટ કલેકશન, બહેરા અને સાંભળવાની તકલીફ વાળી વ્યકિતઓ માટેની સુવિધાઓ માટે છે. તે દરેક વ્યકિત માટે સહેલાઈથી મેળવી શકાય તેમ છે. કોઈ પણ ચીજ મેળવવા માટે રીજર્વેશન દર નથી. દરેક પુસ્તકાલય ખાતે સંગ્રહની યાદી (કેટાલોગ) ની કોપી છે. આ સંગ્રહ બધા માટે ઉપલબ્ધ છે.

**હરતું ફરતું પુસ્તકાલય (Mobile Libraries)**
મુખ્યત્વે ગામડા અને ગ્રામ્ય સમાજ અને મોટા શહેરના બહારના વિસ્તારો માટે ત્રણ હરતા ફરતા પુસ્તકાલયો સેવા આપી રહયા છે. તે દરેકમાં જે વિશાળ સંગ્રહ હોય છે કે જે નિયમિત રીતે બદલવામાં આવે છે અને તે દરેકમાં વિકલાંગ વ્યકિતઓની પહોંચ માટે લિફટની વ્યવસ્થા હોય છે. સમયપત્રકની માહિતી માટે મહેરબાની કરી તમારા સ્થાનિક પુસ્તકાલયનો સંપર્ક સાધો.

**ગૃહ પુસ્તકાલય સેવા (હોમ લાઈબ્રેરી સર્વિસ) (Home Library Service)**

જો તમારી ઉંમર, માંદગી અથવા વિકલાંગતાને લીધે તમારા માટે, પુસ્તકાલય સુધી જવાની મુશ્કેલી હોય તો અમારા એક પુસ્તકાલય મુલાકાતી (લાઈબ્રેરી વિઝિટર) તમારા પુસ્તકો પહોંચાડી શકશે. અમારા સ્વયંસેવકો પુસ્તકો બદલવા માટે દર મહિને તમારી મુલાકાત લેશે. જો તમારે આ સેવા મેળવવા માટે અથવા તો સ્વયંસેવક બનવા માટે વધુ માહિતી જોઈતી હોય તો મહેરબાની કરી 01296 382033 ઉપર ફોન કરો.

**બાળકો અને તરૂણોનું પુસ્તકાલય (Children and Young People's Library)**
બાળકોનું કોઈ પણ ઉંમરે અમારા પુસ્તકાલયોમાં આવવા માટે સ્વાગત છે. ઘણા પુસ્તકાલયો ખાતે અમે કવિતા અને છંદ (બાઉન્સ અને રહ્યાઈમ) બેઠકોનું આયોજન કરેલ છે જયાં ખુબ નાના બાળકો સરળ ગીતો અને નર્સરી રહ્યાઈમ્સનો આનંદ માણી શકે. નિશાળ ચાલુ ન કરેલ બાળકો માટે સ્ટોરી ટાઈમ (વાર્તા સમય) રાખવામાં આવે છે અને ઘણા પુસ્તકાલયો ખાતે શાળામાં ભણતા બાળકો માટે રજાઓની પ્રવૃત્તિઓ (હોલીડે કલબ) અને વાંચન મંડળ (રીડીંગ કલબ) રાખવામાં આવે છે.

વધુ માહિતી માટે તમારા સ્થાનિક પુસ્તકાલયનો સંપર્ક સાધો.